
# આરૂષિ હત્યાકાંડમાં તલવાર દંપત્તિ દોષિત



નવી દિલ્હી, તા. ૨૫

દેશની સૌથી મોટી મર્ડર મિસ્ટ્રી તરીકે કુખ્યાત થયેલા આરૂષિ-હેમરાજ મર્ડર કેસમાં સીબીઆઈની ખાસ કોર્ટ આજે ચુકાદો આપ્યો છે. લગભગ સાડા પાંચ વર્ષ પુરાણા આ કેસમાં આરૂષિના પિતા રાજેશ તલવાર તથા માતા નુપુર તલવાર સામે ચુકાદો આપવામાં આવ્યો છે. તેમની સામે પંદર મહિના સુધી કેસ ચાલ્યો હતો. બંને આરોપીઓને આરૂષિ-હેમરાજની હત્યાના દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

વિશેષ કોર્ટ દ્વારા આઈપીસીની ૩૦૨, ૨૦૧, ૨૦૩ હેઠળ રાજેશ તલવાર તથા નુપુર તલવારને દોષિત ઠેરવવામાં આવ્યો છે. તેમને ૧૪ વર્ષીય પુત્રી તથા ૪૫ વર્ષીય નોકર હેમરાજની હત્યાના દોષિત ઠેરવવામાં આવ્યા છે. રાજેશ તલવારની ઉપર વધારાની ૨૦૩ની કલમ પણ લગાડવામાં આવી છે. બંને દોષિતોની સજાની સુનાવણી મંગળવારે થશે. તેમને સજા-એ-મોત પણ થઈ શકે છે. પોલીસે તૂર્ત જ તેમની કસ્ટડી લઈ લીધી હતી. સજા સાંભળીને તલવાર દંપત્તિ તથા તેમની સાથે હાજર રહેલા અન્ય પરિવારજનો રજવા લાગ્યા હતા. કોકર્ટે મોટાપાયે લાસ્ટ સીન થીયરી પર આધાર રાખ્યો હતો. કોઈપણ કેસને પુરવાર કરવા માટે આ થીયરી અગત્યની બની રહેતી હોય છે. તલવાર દંપત્તિના વકીલ રિબેકા જોનના કહેવા પ્રમાણે, તેઓ ઉપલી અદાલતના દરવાજા ખખડાવશે. રિબેકાએ કોર્ટના ચુકાદા પ્રત્યે નિરાશા વ્યક્ત કરી હતી. રાજેશ તલવાર પર ૨૦૩ની કલમ લગાવવામાં આવી હતી. આ કલમ ખોટી એફઆઈઆર દાખલ કરવા માટે લગાડવામાં આવે છે ત્યારબાદ તલવાર દંપત્તિએ એક નિવેદન બહાર પાડ્યું હતું. જેમાં કહ્યું છે કે, આ ચુકાદાથી અમને દુખ થયું છે અને અમે નિરાશ થયા છીએ. ચુકાદાની નકલ મળતા જ ઉપરની અદાલતમાં ચુકાદાને પડકારવામાં આવશે. ન્યાય મેળવવા માટે તેઓ સંઘર્ષ ચાલુ રાખશે.

તલવાર દંપત્તિના કહેવા પ્રમાણે, તેમને એ ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે, જે ગુનો તેમણે કર્યો જ નથી. ઉલ્લેખનીય છે કે સીબીઆઈની વિશેષ કોર્ટના જજ શ્યામલાલ ગાઝિયાબાદની અદાલતમાં વહેલી સવારે પહોંચી ગયા હતા. તેમની નિવૃત્તિના આડે ગણતરીના મહિનાઓ જ બાકી છે. સુનાવણી પહેલા ક્લોઝર રિપોર્ટ દાખલ કરનારા સીબીઆઈના વકીલો અને તપાસનીશ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પછી આરૂષિના માતા-પિતા કોર્ટરૂમમાં પહોંચ્યા. ત્યારબાદ કોર્ટમાં તમામ એન્ટ્રી ગેટ્સને સીલ કરી દેવામાં આવ્યા. તલવાર દંપત્તિના મિત્રોને પણ કોર્ટરૂમમાં પ્રવેશ આપવામા આવ્યો નહતો. માત્ર પંદરથી સોળ લોકોને જ કોર્ટમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

**ભારતની માત્ર પુરુષ ટીમ ક્વોલિફાઈ**

## હોકી વર્લ્ડકપ ૨૦૧૪ માટે ટીમોની સત્તાવાર જાહેરાત


લુસાને, તા. ૨૫

નેધરલેન્ડના હેગ શહેરમાં આગામી વર્ષે યોજાનાર હોકી વર્લ્ડકપમાં ભાગ લેનારી પુરુષ અને મહિલા ટીમોના નામ જાહેર થઈ ચૂક્યા છે. જે મુજબ પુરુષ વર્ગમાં ૧૨ દેશોની ટીમો ભાગ લેશે. જ્યારે મહિલા વર્લ્ડકપમાં ૧૧ દેશોની ટીમો ભાગ લેશે. નૈરોબીમાં આયોજિત મહિલા અને પુરુષ આફ્રિકા કપ ઓફ નેન્સન નેશનની પૂર્ણાહૂતિ સાથે જ હોકી વર્લ્ડકપ ૨૦૧૪માં ભાગ લેનાર ટીમોના નામ નક્કી થઈ ગયા છે. દક્ષિણ આફ્રિકાની મહિલા અને પુરુષ ટીમે હોકી ટીમ માટે ક્વોલિફાઈડ કરી દીધું છે. આફ્રિકા કપની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાની પુરુષ ટીમે મિશ્રની ૨-૧થી અને મહિલા ટીમ ધાનાને ૩-૨થી હાર આપી હતી.આ સાથે જ દક્ષિણ આફ્રિકાની પુરુષ અને મહિલા ટીમે વર્લ્ડકપ માટે ક્વોલિફાઈડ કરી દીધું છે. પુરુષ વર્ગમાં આ પહેલા ભારત, નેધરલેન્ડ, જર્મની, આર્જેન્ટિના, કોરિયા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, બેલ્જિયમ, ન્યૂઝીલેન્ડ, સ્પેન અને મલેશિયા ક્વોલિફાઈડ થઈ ચૂક્યા છે જ્યારે મહિલા વર્ગમાં નેધરલેન્ડ, જર્મની, આર્જેન્ટીના, જાપાન, ઈંગ્લેન્ડ, કોરિયા, ન્યૂઝીલેન્ડ, ચીન, અમેરિકા અને બેલ્જિયમની ટીમો ક્વોલિફાઈડ થઈ ચૂકી છે. જો કે ભારતની મહિલા ટીમ હોંકી વર્લ્ડકપ માટે ક્વાલિફાઈડ થવામાં નિષ્ફળ રહી છે. ઉલ્લેખનીય છે કે આગામી વર્ષે ૩૧ મેથી ૧૫ જૂન વચ્ચે નેધરલેન્ડના હેગ શહેરમાં આવેલ પોસેરા સ્ટેડિયમમાં હોકી વર્લ્ડકપ રમાશે.

## સેન્સેક્સ ૩૮૯ અને નિફ્ટીમાં ૧૨૦ પોઈન્ટનો જંગી ઉછાળો

મુંબઈ, તા. ૨૫

અમેરિકા અને ઈરાનની સમજુતી, ડોલર સામે રૂપિયામાં મજબુતી અને ક્રુડ ઓઈલમાં નરમાઈ આવી હોવાથી આજે ભારતીય શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે ભારતીય શેરબજારમાં સરેરાશ ૨ ટકા સુધીની તેજી જોવા મળી હતી. આજે દિવસના અંત સુધીમાં સેન્સેક્સમાં ૩૮૯ પોઈન્ટનો ઉછાળો આવીને ૨૦૬૦૫ અને નિફ્ટીમાં ૧૧૫ પોઈન્ટનો ઉછાળો આવીને ૬૧૧૫ની સપાટીએ જોવા મળ્યા હતા. મિડકેપ અને સ્મોલકેપ શેરમાં પણ ૧.૫ ટકાની તેજી જોવા મળી હતી. ઈરાન તેમના પરમાણું કાર્યક્રમને રોકવા માટે રાજી થઈ ગઈ હોવાથી ક્રુડ ઓઈલમાં નરમાઈ જોવા મળી હતી. ક્રુડ ઓઈલમાં આવેલા નોંધપાત્ર ઘટાડાના કારણે દેશની ચાલુ ખાતાની ખોટમાં ઘટાડો થવાની શક્યતા વધી ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારોના સેન્ટીમેન્ટને ધ્યાનમાં રાખઈને રૂપિયામાં પણ મજબુતાઈ આવી હતી. કેપિટલ ગુડ્સ અને બેન્કીંગ શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો આવ્યો હતો જ્યારે રિયલ્ટી, પીએસયુ, એફએમસીજી અને ઓટો શેરમાં ૨.૨૫ ટકા, પાવર, ઓઈલ એન્ડ ગેસ, મેટલ શેરમાં ૧.૭૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબ્લસ શેરમાં ૦.૭૫ ટકાની તેજી રહી હતી જ્યારે ટેકનોલોજી અને આઈટી શેર સુસ્ત રહ્યા હતા. માર્કટમાં આજે



કેપિટલ ગુડ્સ, બેંક, રિયાલિટી, પીએસયુ, એફએમસીજી, ઓટો, પાવર, ઓઈલ એન્ડ ગેસ, મેટલ શેરોમાં તેજી જોવા મળી હતી જ્યારે ટેકનોલોજી અને આઈટી શેરોમાં વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થતા બીપીસીએલ, ઈન્ડિયન ઓઈલ, ઓએનજીસી, મેંગ્લોર રિફાઈન્ડનરી ચેન્નઈ પેટ્રોના શેરોમાં પાંચ ટકા સુધીનો વધારો નોંધાયો હતો. હેવીવેટ સ્ટોકમાં ભેલ, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક, એસબીઆઈ, એલએન્ડટી, અલ્ટ્રાટેક સિમેન્ટ, જેપી એસોસિએશન, બેંક ઓફ બરોડા, ઈન્ડસ્ટ્રીયલ બેંક, ડીએલએફ, પંજાબ નેશનલ બેંક, તાતા મોટર્સ, એક્સીસ બેંક, અંબુજા સિમેન્ટ મારૂતિ સુઝુકીના શેરોમાં ૩થી પાંચ ટકા સુધીનો વધારો નોંધાયો હતો.

## કેજરીવાલ પાસે 3 મતદાર કાર્ડ હોવાનો આક્ષેપ કરાયો

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હી વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ વિવાદો પણ વધી રહ્યા છે. ભાજપે ચીફ ઈલેક્શન કમીશનરને ફરિયાદ કરી છે કે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પાસે ત્રણ મતદાનકાર્ડ છે.ભાજપે માંગ કરી છે કે આ મામલે તરત તપાસ કરવામાં આવે અને કેજરીવાલ સહિત અન્ય જવાબદાર પક્ષો વિરુદ્ધ તત્કાલીક કાર્યવાહી કરવામાં આવે. ભાજપના મીડિયા પ્રભારી હરીશ ખુરાના અને સતીષ ઉપાધ્યાય તરફથી ચૂંટણી પંચમાં કરવામાં આવેલી આ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે ચીફ ઈલેક્શન કમીશનર યુપી અને દિલ્હીની વેબસાઈટમાં માહિતી આપવામાં આવી છે કે કેજરીવાલ પાસે શાહીબાદ નવી દિલ્હી અને સીમાપુરી વિધાનસભા સીટ પર મતદાન કાર્ડ છે. શાહીબાબાદ અને સીમાપુરીમાં બનાવવામાં આવેલ આ મતદાન કાર્ડનો નંબર એક જ છે. જ્યારે નવી દિલ્હીથી દિલ્હી સીટની સીટ ઉપરથી બનાવવામાં આવેલ મતદાન કાર્ડનો નંબર અલગ છે.

ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે કે કેજરીવાલે ચૂંટણીના નિયમોનો ભંગ કર્યો છે. જો કે આમ આદમી પાર્ટીના પ્રવક્તાએ આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમને જણાવ્યું હતું કે કેજરીવાલ પાસે અત્યારે માત્ર નવી દિલ્હીનું મતદાન કાર્ડ છે. આ પહેલાના તમામ મતદાન કાર્ડો પરત કરી દેવામાં આવેલ છે અને જૂના મતદાન કાર્ડ પરત કરવામાં આવ્યા બાદ જ આ નવું મતદાન કાર્ડ કઢાવવામાં આવ્યું છે.

## તાતા ગ્રુપ ૧૦૦ અબજ ડોલર ક્લબમાંથી અંતે બહાર ફેંકાયું

નવી દિલ્હી, તા. ૨૫

મીઠાથી લઈ સોફ્ટવેર સુધી બનાવનાર તાતા ગ્રુપની કારોબારમાં ઘટાડો નોંધાતા ગ્રુપ ૧૦૦ અબજ ડોલરના સમુહમાંથી બહાર ફેંકાઈ ગયુ છે જો કે ભારતીય ચલણમાં જોવામાં આવે તો તાતા ગ્રુપના વેપારમાં ૧૦ ટકાનો વધારો થયો છે.

રૂપિયાના મુલ્ય મુજબ તાતા સમુહ દેશનું પહેલું એવું ઉદ્યોગગૃહ છે જેનો વાર્ષિક કારોબાર પાંચ લાખ કરોડ રૂપિયા છે. વર્ષ ૨૦૧૨-૧૩માં તાતાએ કર્મચારીઓની સંખ્યા ૮૮૦૦૦થી વધારી ૫.૪ લાખ કરી નાંખી છે. તાતા ગ્રુપ દ્વારા સંચાલિત કંપનીઓની સંખ્યા પણ ૧૦૦ થઈ ગઈ છે. આ વર્ષે ગ્રુપનો કારોબાર ૧૦.૮ ટકા વધીને ૫,૨૭,૦૪૭ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે જે ગત વર્ષે ૪,૭૫,૭૨૧ કરોડ રૂપિયા હતો. જોકે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં રૂપિયાના વેલ્યુંમાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાતા આ વર્ષ દરમિયાન ડોલરમાં તાતાની આવકમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. ડોલર મુજબ તાતા ગ્રુપનો કારોબાર ૨૦૧૨-૧૩માં ઘટીને ૯૬.૭૯ અબજ ડોલર થઈ ગયો છે જે ગત વર્ષે ૧૦૦.૦૯ અબજ ડોલર હતો. ગત વર્ષે તાતા ગ્રુપ ૧૦૦ અબજ ડોલરનો કારોબાર કરનાર દેશનં એક માત્ર ઉદ્યોગગૃહ હતુ. ૨૦૧૨-૧૩માં તાતાએ ૫૪.૪૫ રૂપિયા પ્રતિ ડોલરના દરનો ઉપયોગ કર્યો હતો જે ગત વર્ષે ૪૭.૫૩ રૂપિયા પ્રતિ ડોલર હતો. તાતા ગ્રુપની આંતરરાષ્ટ્રીય સ્તરે કારોબાર ૨.૭ ટકા વધીને ૬૦.૭ અબજ ડોલર પર પહોંચી ગયો છે. જ્યારે વિદેશમાં તેની આવક ૩.૦૫ અબજ ડોલર થઈ ગઈ છે જે ગત વર્ષે ૧.૫૯ અબજ ડોલર હતી. ૨૦૧૨-૧૩માં તાતા ગ્રુપની કુલ સંપત્તિ ૧.૩ ટકા ઘટીને ૧૦૭.૧૭ અબજ ડોલર થઈ ગઈ છે. ગ્રુપનું તત્કાલિન બજારમાં રોકાણ ૧૦૦ અબજ ડોલર છે અને તેની કંપનીઓની સંખ્યા ૧૦૦ છે.

## નેગેટિવ વોટીંગ મામલે ફરીથી ચૂંટણી માટે અરજી ફગાવાઈ

નવી દિલ્હી, તા. ૨૫

સુપ્રીમ કોર્ટે મતદાન સમયે નેગેટિવ વોટિંગની સંદર્ભે એક મહત્વપૂર્ણ ચૂકાદો આજે આપ્યો છે. જેમાં ઉમેદવારોને મળેલ વોટ કરતા જો નેગેટિવ વોટ વધારે મળે તો આવી સ્થિતિમાં તે સીટ પર ફરીથી ચૂંટણી કરાવવાનો કોર્ટે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. કોર્ટે જાહેર કરેલા નિર્દેશ મુજબ નેગેટિવ વોટિંગનો વિકલ્પ તાજેતરમા જ અમલમાં આવ્યો છે જેથી કરીને મતદારોને જો કોઈ ઉમેદવાર પસંદ ન હોય તો તેમના વિરુદ્ધ પોતાની નારાજગી વ્યક્ત કરવાની તક મળે. મુખ્યન્યાયાધીશ પી સથાશિવની અધ્યક્ષતાવાળી ખંડપીઠે જણાવ્યુ હતુ કે કાયદામાં સુધારો કરવો એ સંસદનું કામ છે અને અદાલત દ્વારા આ રીતે આદેશ જાહેર કરવો એ ઉતાવળ ગણાશે. ખંડપીઠે જણાવ્યુ હતુ કે નેગેટિવ વોટિંગને હજી હમણા જ લાગુ કરાયુ છે ત્યારે એ જોવું રસપ્રદ રહેશે કે લોકો તેનો કેવો ઉપયોગ કરે છે. આ વાતને આધાર બનાવી કોર્ટે જનહીતની અરજી પર વિચાર કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. ઉલ્લેખનીય છે કે કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં માંગ કરવામાં આવી હતી કે ઈવીએમ મશીનમાં જો નેટેગિવ વોટ તમામ ઉમેદવારોને મળેલ વોટ કરતા વધુ નીકળે તો તે સીટ પર ફરીથી ચૂંટણી કરવામાં આવે. અદાલતે ૨૭ સપ્ટેમ્બરે એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો. જેમાં જણાવ્યુ હતુ કે નેગેટિવ વોટિંગનું બટન દબાવી મતદારો ચૂંટણી લડી રહેલા તમામ ઉમેદવારોને નકારી શકે છે. કોર્ટે નોંધ્યુ હતુ કે આ પ્રકારના નિર્ણયથી તમામ રાજકીય પક્ષો ચૂંટણીમાં ઈમાનદાર ઉમેદવારોને ઉતારવા માટે મજબુર થશે. અદાલતે જણાવ્યુ હતુકે નેગેટિવ વોટિંગ મહત્વપૂર્ણ છે જેનાથી ચૂંટણીની પ્રક્રિયામાં આમુલ પરિવર્તન આવશે. રાજકીય પક્ષોએ પણ જનતાના ચુકાદાને સ્વીકારવો પડશે અને ઈમાનદાર નેતાઓને મેદાનમાં ઉતારવા પડશે. જો કે આજના ચુકાદામાં કોર્ટે આવી સિટો પર ફરીથી ચૂંટણી કરાવવાની સ્પષ્ટ ના પાડી દીધી છે.

## સમાચાર ઝલક

- ભારત અને પાકિસ્તાન વચ્ચે મુસાફરી માટે વિઝાની જરૂર હોવી જોઇએ નહીં : નવાજ શરીફ.
- છેવટે ઇરાન ઝૂક્યું! અણુ કાર્યક્રમ બંધ કરવા સંમત, અમેરિકા સાથે પરમાણુ બંધ કરવા કરાર.
- અમેરિકામાં એક ભારતીયની હેટ ક્રાઇમ માટે ધરપકડ.
- હવે આંધ્ર પર લેહર વાવાઝોડાનું જોખમ.
- ખેતીની જમીનના પ્રકારના આધારે જમીનના વેચાણ ઉપર આવકવેરો ભરવો પડે.
- ભારતમાં સૌથી વધુ વપરાતું સસ્તુ ક્રુડ પામતેલ.
- ભારતની દરેક શાળામાં ચેસ રમાવી જોઇએ : વિશ્વનાથ આનંદ.
- બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કૃણાલ ઘોષની ધરપકડ.
- આર.ટી.ઓ. સ્માર્ટકાર્ડ આર.સી. બુક સ્પીડ પોસ્ટ મારફતે રવાના કરી વાહન માલિકોને એસ.એમ.એસ.થી જાણ કરશે.
- પાકમાં પોલિયો વિરોધી રસી આપતા ૧૧ શિક્ષકોનું તાલિબાન દ્વારા અપહરણ.
- સૂરતમાં મહાવીર હોસ્પિટલમાં આઇએલિસ્ટ ટેકનોલોજીની મદદથી જોઇન્ટ રિપ્લેસ્મેન્ટ સર્જરી થઇ.
- મોરબીનો સિરામિક ઉદ્યોગ ૨૭મી તારીખે હડતાળ પર જશે.
- નરેન્દ્ર મોદીને સ્પેશિયલ દરજ્જાની સુરક્ષામાં મૂકતું કેન્દ્ર.
- ડ્યુરન્ટો એક્સપ્રેસમાં બળાત્કારનો પ્રયાસ થયો, પોલીસ લાચાર.
- ૩૨,૩૨૬ કેસનો નિકાલ કરી લોક અદાલતે ઇતિહાસ સર્જ્યો.
- યમનમાં લગ્નની ઉજવણી લોહિયાળ બની, નાચતાં નાચતાં ગોળીબાર થયો.
- ચીને દક્ષિણ ચીન સાગરમાં વિવાદીત ટાપુ પર સૈનિક મથક બનાવતાં જાપાને વાંધો ઉઠાવ્યો.
- દેશની બેન્કોમાં ૩૬૦૦ કરોડ કરતાં વધુ રૂપિયાનું કોઇ દાવેદાર નથી.
- ૩૪,૦૦૦ કરોડ રૂપિયાના મકાનો વેચાણ વિનાના, તંત્રની આવકમાં મોટો અંતરાય.
- ભરૂચના ઝાડેશ્વર ટોલનાકા પર ટેક્ષમાંથી મુક્તિ, અહેમદભાઇના પ્રયાસોને સફળતા.
- સાંઇ હોસ્પિટલ, બાબાની કરૂણા હવે અમદાવાદનાં આંગણે.
- સુપ્રીમનું કડક વલણ - લગ્નનું વચન આપી શારીરિક સંબંધ બાંધનારને આજીવન કૈદ થશે.
- આધારકાર્ડ હોય કે ન હોય એલ.પી.જી. સબસીડી માત્ર બેંક ખાતામાં જ જમા થશે.

**વિદ્યાર્થીઓએ પાકિસ્તાનના સમર્થનમાં નારા લગાવ્યા**

## કાશ્મીર યુનિ.ના વિદ્યાર્થીએ કેમ્પસમાં તિરંગો ઉતરાવ્યો

**ફિલ્મના શૂટિંગ દરમિયાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ તોડફોડ કરી યુનિટને ઘેર્યું : બે વિદ્યાર્થીઓની અટકાયત**

શ્રીનગર, તા. ૨૫

ડાયરેક્ટર અને પ્રોડ્યુસર વિશાલ ભારદ્વાજની ફિલ્મ હૈદરના શૂટિંગ દરમિયાન શ્રીનગરમાં કાશ્મીર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ તોડફોડ કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. યુનિવર્સિટી કેમ્પર્સમાં રવિવારે આતંકવાદી હુમલાનું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ સાથે જ તિરંગો ઝંડો લહેરાવી જય હિંદના નારા લગાવવાનો સીન શૂટ કરવાનો હતો પરંતુ કાશ્મીર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આનો વિરોધ કર્યો હતો. આ વિદ્યાર્થીઓએ કાશ્મીરની આઝાદી અને પાકિસ્તાનના સમર્થનમાં નારાબાજી શરૂ કરી દીધી હતી. વિવાદ વકરતો જોઈ ફિલ્મ યુનિટે શૂટિંગનું પેકઅપ કરી દીધું હતું અને ઘટના સ્થળે તત્કાલીન પહોંચી જઈ પોલીસ કર્મીઓએ ભારે જહેમત બાદ વિશાલ ભારદ્વાજ અને ફિલ્મના હીરો ઈરફાન ખાન સહિત અન્ય કલાકારોને સુરક્ષિત યુનિવર્સિટી કેમ્પર્સમાંથી બહાર કાઢ્યા હતા. ઉલ્લેખનીય છે કે વિશાલ ભારદ્વાજ પોતાની ફિલ્મ હૈદરના શૂટિંગ માટે



છેલ્લા ૨૦ દિવસથી કાશ્મીરમાં છે. રવિવારે સવારે કાશ્મીર યુનિવર્સિટી કેમ્પર્સના નસીન બાગમાં એક શોટના શૂટિંગ માટે આર્મી કેમ્પ લગાવવામાં આવ્યો હતો જેના બન્કરો ઉપર તિરંગો ઝંડો લહેરાતો હતો. પરંતુ રજાનો દિવસ હોવા છતાં હોસ્ટેલના કેટલાક ૫૦થી વધુ વિદ્યાર્થીઓનું એક જૂથ ત્યાં પહોંચી ગયું હતું. ફરજ પર હાજર પોલીસ કર્મીઓએ સમજાવીનો વિદ્યાર્થીઓને શાંત કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ વિદ્યાર્થીઓની માંગને જોઈ સેટ ઉપરથી ભારતનો ઝંડો ઉતારી લેવામાં આવ્યો. યુનિટમાં લોકોએ તિરંગો ઝંડો ઉતારી દીધો હતો.આ દરમિયાન ફિલ્મના અભિનેતા ઈરફાન ખાને સિગરેટ પીતા શૂટિંગ દરમિયાન જયહીંદના નારા લગાવતા વિદ્યાર્થીઓ ફરી ભડકયા હતા અને વિદ્યાર્થીઓએ કાશ્મીરની આઝાદી અને પાકિસ્તાનના સમર્થનમાં નારા લગાવાની સાથે જ ફિલ્મના સેટની તોડફોડ શરૂ કરી હતી. હંગામો કરવા બદલ પોલીસે બે વિદ્યાર્થીઓની અટકાયત કરી હતી. ત્યારબાદ ભડકેલા વિદ્યાર્થીઓએ ફિલ્મ યુનિટના તમામ લોકોને ઘેરી લીધા હતા. જેના કારણે પિક્ચરનું શૂટિંગ રદ કરવાની ફરજ પડી હતી. પોલીસે અટકાયત કરી વિદ્યાર્થીઓને અંતે છોડી દીધા હતા.

## હાઈકોર્ટમાં આગોતરા જામીન માટેની તેજપાલે કરેલી અરજી

નવી દિલ્હી, તા. ૨૫

મેગેઝિન તહેલકાના એડિટર ઈન ચીફ તરૂણ તેજપાલ પર લાગેલા સાથી મહિલા પત્રકારના જાતીય શોષણના કેસમાં હવે તરૂણ તેજપાલે દિલ્હી હાઈકોર્ટમાં ધરપકડથી બચવા માટે આગોતરા જામીનની માંગણી કરી હોવાની ખબર પડી છે. મળતી માહિતી પ્રમાણે દિલ્હી હાઈકોર્ટ આ અરજી પર મંગળવારે સુનાવણી કરવાની છે. હાલમાં ગોવા પોલીસ આ કેસની તપાસ કરીને દિલ્હીથી ગોવા પરત ફરી છે અને પોલીસને આ તપાસમાં બીજા અનેક ચોંકાવનારા તત્થો મળ્યા છે જેના આધારે તરૂણ તેજપાલ પર બીજા આરોપો લગાવવાનું આયોજન થઈ રહ્યું છે. આ સંજોગોમાં છ મહિના માટે પોતાના પદનો ત્યાગ કરનાર તરૂણ તેજપાલે આગોતરા જામીન માટેની અરજી કરી હોવાની ખબર પડી છે. દિલ્હીમાં ગોવા પોલીસની ત્રણ સભ્યોની ટીમે શનિવારે તહેલકાના મેનેજિંગ એડિટર શોમા ચૌધરીની નવ કલાક પુછપરછ કરી હતી. પૂછપરછ દરમ્યાન પોલીસે ચૌધરીનું લેપટોપ, આઈપેડ તથા મોબાઈલ ફોન પણ ચેક કર્યા હતા. શોમા ચૌધરીએ ગઈકાલે પોલીસ દ્વારા નવ કલાક પુછપરછના અનુભવને યાદગાર ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે મેં પુછપરછમાં સંપૂર્ણ સહકાર આપ્યો હતો અને તમામ દસ્તાવેજો દર્શાવ્યા હતા.

## આફ્રિકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ-વન-ડે ટીમ જાહેર કરાઈ

વડોદરા, તા. ૨૫

આગામી મહિને શરૂ થઈ રહેલા ટીમ ઈન્ડિયાના દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ટીમ ઈન્ડિયાના અને છેલ્લા ઘણા સમયથી બહાર રહેલા ઝડપી બોલર ઝહિર ખાનનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે ઓપનર ગૌતમ ગંભીરને હજી પણ ટીમની બહાર રાખવામાં આવ્યો છે ટેસ્ટ ટીમમાં એક માત્ર નવો ચહેરો અંબાતી રાયડુ છે. આ ઉપરાંત બાકીની ટીમ યથાવત રાખવામાં આવી છે. દક્ષિણ આફ્રિકા પ્રવાસની ટેસ્ટ અને વન-ડે ટીમની જાહેરાત કરવામાં આવી છે. ઝહિર ખાનનો સમાવેશ ટેસ્ટ ટીમમાં કરવામાં આવ્યો છે જ્યારે વન-ડે ટીમમાંથી તેને બાકાત રાખવામાં આવ્યો છે.

ઝહિર ખાનને રણજી ટ્રોફીમાં તેના પ્રદર્શન ઉપરાંત તેના અનુભવના કારણે ટીમમાં સમાવવામાં આવ્યો છે. હાલમાં ટીમ ઈન્ડિયામાં ભુવનેશ્વર કુમાર અને મોહમ્મદ શમી જેવા યુવા ઝડપી બોલરો સારો દેખાવ કરી રહ્યા છે પરંતુ દક્ષિણ આફ્રિકન ધરતી પર રમવાનો તેમને અનુભવ નથી. તેથી ઝહિરને અનુભવનો પણ લાભ ચોક્કસથી મળ્યો છે. ઝહિરે પોતાની અંતિમ ટેસ્ટ મેચ ગયા ડિસેમ્બરમાં ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે રમાયેલી શ્રેણીમાં રમી હતી એટલું જ નહીં કંગાળ ફોર્મના કારણે તેને હાલમાં જ બીસીસીઆઈના વાર્ષિક કોન્ટ્રાક્ટમાંથી પણ બહાર કરી દેવામાં આવ્યો છે પરંતુ હાલમાં રણજી ટ્રોફીમાં તેણે સારો દેખાવ કર્યો છે અને મુંબઈ તરફથી રમતા તેણે કુલ ૧૩ વિકેટ લીધી છે જેમાં એક પાંચ વિકેટ હોલ પણ છે. જેના કારણે તેનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કદાચ પસંદગીકારોએ તેનો અનુભવને પણ ધ્યાનમાં લીધો હોવો જોઈએ. કેમ કે ઝહિર સિવાય બાકીના બધા જ ઝડપી બોલરો માટે દક્ષિણ આફ્રિકાનો આ પ્રવાસ પહેલો છે. જ્યારે ઝહિર અનુભવ અનુભવી હોવાથી યુવા ઝડપી બોલરોને તેનો લાભ મળે તે માટે પણ તેનો સમાવેશ કરવામાં આવી શક્યો હોય.

જ્યારે ટીમના આક્રમ અને અનુભવી ઓપનર વિરેન્દ્ર સહેવાગ અને અનુભવી સ્પિનર હરભજન સિંહને હજી પણ વનવાસ સહન કરવો પડી રહ્યો છે. સહેવાગ તો રણજી ટ્રોફીમાં પણ ફ્લોપ રહ્યો છે. જેના કારણે ટીમમાં તેના પુનરાગમની શક્યતા ઘણી ઓછી હતી. ટેસ્ટ ટીમમાં ભારતીય વિકેટકીપર સુકાની મહેન્દ્રસિંહ ધોનીના એક વિકલ્પ તરીકે વિકેટકીપર રિદ્ધિમાન સહાનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સહાએ છેલ્લે ૨૦૧૨માં એડિલેડ ખાતે પોતાની અંતિમ ટેસ્ટ મેચ રમી હતી. આ ઉપરાંત ટીમમાં એક નવો ચહેરો છે અંબાતી રાયડુ. તેનો ટેસ્ટ અને વન-ડે એમ બંને ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.